ક્રિ.કેસ નં.૫૩૬૨૧/૨૦૨૫
આંક–

**મહે. ૧૨ માં એડી. સીનીયર સિવીલ જજ અને એડી. ચીફ જ્યુ. મેજી., વડોદરા**

**ફરીયાદી :– શ્રી સરકાર**
**વિ.**
**આરોપી :– રાજેશભાઈ સોમાભાઈ ભુરીયા**

**ગુન્હો : એમ.વી. એકટ કલમ –૧૮૫ તથા પ્રોહી.એકટની કલમ–૬૬ (૧)(બી) મુજબ**

**:: હુકમ ::**

**(ગુન્હા કબુલાત કરતા)**

(૧) આ કામના આરોપી સામેના હાલના ગુન્હા ની વિગત મુજબ તેઓએ નશો કરેલ હાલતમાં તેઓના હવાલાવાળુ વાહન જાહેર માર્ગ પર ચલાવતા મળી આવેલા, આથી તેઓનું વાહન કબજે લઈ તેઓ સામે હાલના ગુન્હા અંગેનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

(૨) ગુન્હાના કામે આરોપી હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ, પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ, ત્યારબાદ આજરોજ આરોપી તેઓ સ્વેરછાએ તેમના સામેનો આ ગુન્હો કબુલ કરવા માંગતા હોવાનું જણાવી તે અંગે કબુલાત પુરસીશ રજુ કરેલ તથા તેઓનો પ્રથમ ગુન્હો હોય ગરીબ માણસ હોય રહેમ નજર રાખી શકય તેટલી ઓછી સજા કરવા અરજ કરેલ. આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ તેમાં પણ આરોપીએ ગુન્હો કબુલ હોવા લખી આપેલ છે.

(૩) આમ, કેસની હકીકત જોતાં આરોપીનો આ પ્રથમ વખતનો ગુન્હો હોવાનું જણાઈ આવે છે. વધુમાં ફરીથી આવો ગુનો નહી કરે તેવી ખાતરી આપેલ છે. આથી આરોપીની સદર રજુઆત તથા ''સ્ટેટ ઓફ ગુજરાત વિ.નટવર હરચંદજી ઠાકોર'' નાં ચુકાદામાં નામદાર હાઈકોર્ટે ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને લઈ, આરોપીને કાયદામાં ઠરાવેલ સજા નહી કરતાં માત્ર ઓછામાં ઓછો દંડ કરવામાં આવે તો ન્યાયી અને યોગ્ય હોવાનું જણાય છે. આથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**: હુકમ :**

(૧) આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ –૨૫૨ મુજબ તેઓ સામેના આક્ષેપીત મોટર વ્હીકલ એકટ–૧૮૫ તથા પ્રોહી.એકટની કલમ–૬૬ (૧)(બી) મુજબના ગુન્હાના કામે તકસીરવાન ઠરાવવામા આવે છે અને આરોપીને રૂા.૨,૧૦૦/– (અંકે રૂપીયા બે હજાર એકસો પુરા) દંડ કરવામાં આવે છે.

(૨) દંડની રકમ ભરપાઈ કરવાની કસુર બદલ દિન–૦૫ ની સાદી કેદની સજા કરવામાં આવે છે.

(૩) અપીલ સમય વિત્યે મુદ્દામાલ વાહન અંગે વચગાળાના તબકકે કરવામાં આવેલ હુકમ કાયમ કરવામાં આવે છે અને જો હુકમ ન કરવામાં આવેલ હોય તો મુદ્દામાલ વાહનની માલીકી અંગે યોગ્ય ખરાઈ કરી કાયમી ધોરણે પરત સોંપવું.

હુકમ આજરોજ લોક અદાલત નિમિત્તે રાખવામાં આવેલ સ્પેશ્યલ સીટીંગમાં ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૨/૦૭/૨૫
સ્થળ: વડોદરા.
કે.એસ.ગઢવી

(પૃથ્વીરાજ કૈલાશદાન ગઢવી)
૧૨ માં એડી.ચીફ મેજીસ્ટ્રેટ,
વડોદરા.
(જીજે૦૧૪૮૭)